


## સલામી સવારની..

રાજકારણે સૌનું પતન થઇ જાય છે,
હતું ઔદાર્ય લોભમાં લોભી થઇ જાય છે,
'માગણ' થઇ જાય છે 'જગત નો તાત' પણ -
મનથી જ માણસ 'પછાત' થઇ જાય છે..

### હાઈકુ

બને છે હાથા -
સત્તાની ખૂરશીના
ભોળા પટેલ..

વાવણી ટાણે -
કાઢ્યો રેલીનો સાપ
ચઢ્યા સાણસે..

## ચિંતન

**અવલંબિત વિષ્ણુ પદઃ કર્ષિત જન ચક્ષુર તુલગતિઃ ।**
**પત્રમયો અપિ પદાર્થઃ પતંગતામેતિ ગુણયોગાત્ ॥**

'કાગળનો બનેલો પદાર્થ (પતંગ) પણ ગુણ (રૂપી દોર)નો યોગ થવાથી - પતંગ છેક આકાશમાં ઊંચે સુધી પહોંચી જાય છે. વિષ્ણુપદ અંતરિક્ષ સુધી પહોંચી શકે છે અને માણસોનું ધ્યાન ખેંચે છે અને તેની ગતિ - ઉંચે ચઢવાની - ની તુલના પણ થઇ શકતી નથી.

એવી રીતે માણસને જો ગુણનો સથવારો મળે તો તેની પણ ઉર્ધ્વ ગતિ નિશ્ચિંત રીતે થાય છે.'

માણસનો દેખાવ, કુળ-જાતિનું કોઇ જ મહત્ત્વ નથી. પોતાના પરિશ્રમ અને ઉત્સાહથી કરેલ પુરુષાર્થ અને સદ્‌ગુણોની સહાયથી ગમે તેવો દલિત-પિડીત-નિમ્ન કુળમાં જન્મેલો માણસ પણ ઉચ્ચ સ્થાને પહોંચી શકે છે અને વિશ્વનું ધ્યાન ખેંચી શકે છે.

અહીં માત્ર કાગળના બનેલા પતંગને દોરીના ગુણની સહાય મળે તો આકાશમાં ચગી જાય એવું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવામાં આવી છે.

## સુવિચાર

- જ્ઞાનરુપી પાક વહેંચવા માટે હું એક શિક્ષક બનવાનું પસંદ કરીશ - **એસ. ભટ્ટાચાર્ય**
- સ્ત્રીઓને ચાહવી અને સ્ત્રીઓને સમજવી એ બંને વચ્ચે આપણે પસંદગી કરી લેવાની છે - **એન્ટોન ચેખોવ**
- સિદ્ધિઓનું એક પ્રયોજન છે મનુષ્યને પોતાની અસીમ સંભાવનાઓનો ખ્યાલ રાખવાનું, ગૂઢ રહસ્યમય શક્તિનો સ્પષ્ટ વિકાસ એનું નામ સિદ્ધિ - **ધર્મસૂત્ર**
- ડિઝાઇન એ નથી જે બહુ સુંદર દેખાય છે, ડિઝાઇન એ છે કે જે તે કામ કરે છે - **સ્ટીવ જોબ્ઝ**
- ઉષ્માનો અભાવ ઉષ્ણતામાં પરિણમે છે - **હરિભાઇ કોઠારી**
- પૂર્ણપણાનો એક નશો હોય છે, હું જે કરું છું એ બધું જ પૂર્ણ જ હોય તેમ માનવું કે મનાવવું એ ધીમું ઝેર છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સ્વપ્નમાંથી સત્ય તરફ ગતિ વિકટ છે, છતાં અનિવાર્ય છે - **જાપાની કહેવત**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

ભક્તિ અને ધ્યાન સાથે કર્મયોગ પણ જરુરી છે કર્મની સાથે જ્ઞાનયુક્ત ભક્તિ હોય તો જ જીવન મહેકી ઉઠે.

એક ઊંટ આળશું હતું. આસપાસમાં જે કંઇ થોડું-ઘણું ખાવા મળે તે ખાઇ આંખ બંધ 'ૐ નમો શિવાય' બોલી પડ્યું રે'તુ ને તંદ્રામાં જ રહેતું.

ભગવાન શંકર એના આળશને ઓળખી ગયા હતા છતાં પ્રસન્ન થઇ વરદાન માગવાનું કહ્યું, ઊંટની ભક્તિ સાચી ન હતી અને ઊંડું જ્ઞાન પણ નો'તું. તેથી આળશને ધ્યાનમાં રાખી કહ્યું, ભગવાન મને એવું વરદાન આપો કે હું ધારું એટલી - મારી ડોક લાંબી-ટૂંકી થઇ શકે!

ભગવાને સ્મિત સાથે તથાસ્તુ કહ્યું.

ઊંટનો ઉનાળો તો બેઠે બેઠે લાંબી ડોકે ઝાડપાન ખાઇ પસાર થઇ ગયો પણ શરીર ભારે થઇ ગયું. હવે ઉઠાતું નો'તું. ત્યાં ધોધમાર વરસાદ શરુ થયો. ઊંટ ભિંજાવા લાગ્યું. પોતાનાં મોઢું-માથું સાચવવા થોડે દૂર રહેલી ગૂફા સુધી ડોક લાંબી કરી. ગુફામાં વાઘ બેઠો હતો. ઘેર બેઠે શિકાર આવતાં જ વાઘે ઊંટની ડોક દબોચી દીધી!

આળશુ-અકર્મણ્યનો અંત આવો જ હોય..

# વાડ ચીભડાં ગળે તે કેમ ચાલે?

## તંત્રી સ્થાનેથી....

સાબરકાંઠાની કિશોરી સાથે ડૉક્ટરે કરેલા દુષ્કર્મની કલંકકથા આપણા સમાજને કેટલી હદે લૂણો લાગી ગયો છે, એનું હૃદયદ્રાવક પ્રમાણ છે. ડૉક્ટરને લોકો ભગવાન પછીના બીજા સ્થાને મૂકીને અક્ષરશઃ પૂજતા હોય છે. બીમાર વ્યક્તિ પછી તે પુરુષ હોય કે સ્ત્રી - ડૉક્ટરના શરણે આવે છે ત્યારે એના ખોળે માથું મૂકી દે છે. પ્રશ્ન જીવન મરણનો હોય છે ત્યારે છેલ્લો ઉપાય નિષ્ણાત ડૉક્ટરનું શરણું સ્વીકારી લેવાનો જ બચે છે. મારે તોય એ અને જિવાડે તોય એ. સામાન્ય માણસ શરીર વિજ્ઞાન કે તબીબી જ્ઞાન વિશે સંપૂર્ણપણે અજ્ઞાની હોય છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એ ડૉક્ટરને દેવતુલ્ય ગણી એની સમક્ષ પૂરેપૂરો નિર્વસ્ત્ર થતાં સંકોચ નથી અનુભવતો. સ્ત્રી દરદીને તપાસવા માટે કેટલાય નીતિનિયમો નક્કી કરાયેલા છે, જે મુજબ એકલી સ્ત્રીને પુરુષ ડૉક્ટર તપાસે તે ઉચિત નથી લેખાયું. સ્ત્રી દરદી જ્યારે પુરુષ ડૉક્ટર પાસે જાય ત્યારે એની સાથે અન્ય કોઇ સ્ત્રી અથવા એના પતિની હાજરી જરુરી ગણાઇ છે. એલોપથી - પાશ્ચાત્ય તબીબી શાસ્ત્રના જનક હિપોક્રેટ્સના નામે તબીબી શાસ્ત્રનો અભ્યાસ શરૂ કરતી વેળાએ વિશેષ પ્રકારના સોગંદ લેવાની પ્રથા છે. એમાં આ બાબતનો સમાવેશ કરાયેલ છે. વળી એમાં ગર્ભપાત નહીં કરવાના સોગંદનો પણ સમાવેશ થયેલ છે. વર્તમાન યુગમાં અનિચ્છનીય કે માતાના સ્વાસ્થ્યને હાનિકારક ગર્ભનો એનો પિંડ બંધાય એ પહેલાં માતાની સંમતિથી નાશ કરવાની કાયદાકીય છૂટછાટ મળેલી છે. અલબત્ત, ચર્ચથી માંડી મંદિર-મસ્જિદ સુધી આ મુદ્દે સતત વિરોધ થતો રહ્યો છે. ગર્ભપાત માટે સરકારે કાયદો ઘડેલો છે, જેની મર્યાદામાં રહીને નિષ્ણાત ડૉક્ટરે એને અંજામ આપવાનો હોય છે. સ્ત્રી ભ્રૂણનો જાતીય પરીક્ષણ કરીને નાશ કરવો એ ગુનો છે. સાબરકાંઠામાં જે ઘટના બની છે એ સ્ત્રી સાથેના જઘન્ય અપરાધનો કિસ્સો છે. કિશોરી ટાઈફોઈડની સારવાર લઈ રહી હતી. ડૉક્ટરે એને ઘેનમાં નાખીને એનું યૌનશોષણ કર્યુ હતું. વળી આ બાબત કોઈને નહીં જણાવવાની ધમકી પણ આપી હતી. આખરે પાપ છાપરે ચડીને પોકાર્યું ત્યારે એ કુમળી વયની કિશોરી માટે જિંદગી એક વણઉકેલ્યો કોયડો બની ગઈ. સારું છે કે એના વાલીઓએ ખોટી 'આબરૂ'ના બહાને એની કરમકથની દબાવી ન રાખી. સમાજમાં છુપાયેલા વરુ માનવોને ખુલ્લા પાડવા એ પણ એક પ્રકારની સમાજસેવા જ છે. આવા તો કોણ જાણે કેટલા વાસનાભૂખ્યા વરુ ડૉક્ટરના ડગલા પહેરીને બેસી ગયા હશે! જે કિશોરીએ આ રાક્ષસનો નકાબ ચીરવાનું સાહસ કર્યુ છે, એને વીરબાળાનું સમ્માન આપવું જોઈએ. એનાં માતાપિતાનું પણ બહુમાન થવું જોઈએ. એને બિનજરુરી બોજામાંથી મુક્ત કરવાની છૂટ આપનાર અદાલતોએ હવે ગુનેગારને પણ દાખલારુપ સજા કરવી જોઈએ. વાડ જ ઊઠીને ચીભડાં ગળવા માંડે એ તે કેમ ચાલે!

# આપબળે બિહાર કબજે કરવાના 'ચાણક્ય અને ચંદ્રગુપ્ત' મોદીના વ્યૂહ




બિહારમાં મોદી-આંધી ફૂંકાઈ રહી છે. વડા પ્રધાન નરેન્દ્ર દામોદરદાસ મોદીના 'હનુમાન' અમિત અનિલચંદ્ર શાહે એસ્કૉર્ટ તરીકે બિહારના રાજકીય ચિત્રનો અહેવાલ આપ્યા પછી જ વડા પ્રધાનનો પટણા સહિત બિહારનો ઝંઝાવાતી પ્રવાસ યોજાયો. મંચ પર વડા પ્રધાન મોદી અને મુખ્ય પ્રધાન નીતીશ કુમાર સાથે જોવા મળ્યા, પણ બેઉની જુગલબંધી બિહારની જનતાને આગામી ઓક્ટોબર મહિનામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને કેન્દ્રમાં રાખીને સંબોધવાની હતી. મોદીની આંધી કે વા-વંટોળે મુખ્ય પ્રધાન નીતીશ કુમાર અને એમના જનતા પરિવારના આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ તથા જમીન ખોઈ બેઠેલી કોંગ્રેસના નેતાઓ માટે મોદી 'કાલીનાગ' અને પોતે કાલિયામર્દન કરનાર કૃષ્ણના યાદવ અવતાર હોવાના દાવા ખૂબ થયા.

આવતા બે મહિનામાં બિહારની યાત્રાઓ થશે અને વિવિધ પક્ષોમાં પડનાર ગાબડાં પછી ઓક્ટોબરની ચૂંટણી લગી કેવું ચિત્ર ઉપસશે એ કહેવું અત્યારે વહેલું ગણાશે, પણ એક વાત નિશ્ચિત છે કે બિહાર કબજે કરવાના 'ચાણક્ય' મોદીના વ્યૂહ એમને 'ચંદ્રગુપ્ત' અવતારમાં સ્થાપિત કરીને નંદવંશના નાશ માટે જનતા પરિવારની યાદવાસ્થળીના પ્રતાપે સફળતા જરૂર અપાવશે.

ચૂંટણી ટાણે જ મોદી જાગે એવું નથી. એ તો ચોવીસ કલાકના જાગતા નેતા તરીકે ગઈ લોકસભા ચૂંટણી વખતે જ ઓક્ટોબર ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણી જીતી લેવાના આયોજનમાં વ્યસ્ત હતા. વાજપેયીયુગમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ના ૨૪ પક્ષોમાંથી કોણ ક્યારે ઠેકડો મારીને સામેની છાવણીમાં જશે એની ચિંતા રહેતી હતી. મોદીયુગમાં મોદીના જ કહ્યા મુજબ પક્ષ જ નહીં, સમગ્ર મોરચાએ ચાલવાનું છે. કેન્દ્રમાં સરકાર રચી ત્યારે બિહારના ઢગલાબંધ પ્રધાન લેવા પાછળનું મોદીનું ગણિત પણ એ જ હતું કે કોઈ પણ ભોગે 'દગાબાજ' નીતીશ કુમારને પાઠ ભણાવવો અને બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકોમાંથી ભાજપ માટે 'મિશન ૨૦૦ પ્લસ' સાથે આગળ વધવું.

વર્ષ ૨૦૧૦ની ચૂંટણીમાં નીતીશ-શરદ યાદવના જનતા દળ(યુનાઈટેડ) સાથે મળીને ભાજપે સંયુક્ત મોરચો રચીને ૨૪૩માંથી ૨૦૬ બેઠકો મેળવી હતી. જેડી(યુ)ના નીતીશ મુખ્ય પ્રધાન અને ભાજપના સુશીલ મોદી નાયબ મુખ્ય પ્રધાન તરીકે બિહારમાં લાલુ પ્રસાદના જંગલરાજને બદલે વિકાસના રસ્તે આગળ વધ્યા હતા. જોકે વડા પ્રધાનપદના મહત્ત્વાકાંક્ષી નીતીશ કુમારને ભાજપ થકી નરેન્દ્ર મોદીને વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ ધરવામાં આવતાં બેઉ પક્ષોનું જોડાણ તૂટ્યું. નીતીશે જંગલરાજવાળા લાલુ અને જે.પી.વિરોધી કોંગ્રેસ સાથે જોડાણ કરીને સરકાર ટકાવી.

કહ્યાગરા મુખ્ય પ્રધાન તરીકે અતિપછાત મહાદલિત વર્ગના જ જીતનરામ માંઝીને મુખ્ય પ્રધાનની ખુરશી આપી જોઈ, પણ નરેન્દ્ર મોદીબ્રાન્ડ વ્યૂહમાં જીતનરામ નીતીશવિરોધી બન્યા એટલે ફરીને નીતીશ ગાદીએ ચડી બેઠા. હવે ગાદી ટકાવવાનું એમનું લક્ષ્ય તોડવા માટે જીતનરામ પણ ભાજપી મંચ પર દેખા દેવા માંડ્યા છે. પક્ષપલટા કરવા માટે જાણીતા રામ વિલાસ પાસવાન પણ મોદીના 'હનુમાન' છે. દિલ્હીમાં જે સત્તામાં હોય એની સાથે ગોઠવી લેવાનું પાસવાનને સારું ફાવે છે. મનમોહન સરકારમાં પણ એ પ્રધાન હતા અને મોદી સરકારમાં પણ પ્રધાન છે.

નીતીશને નાછૂટકે એમના મોરચાના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે, પણ હજુ મોદી ક્યારે કયા પક્ષના કયા નેતાનો શિકાર કરશે કે લલચાવીને ભાજપમાં લઈ જશે એનો લાલુને ફડકો છે. બિહારને દાયકાઓ સુધી શાસન આપનાર કોંગ્રેસ વિધાનસભામાં લગભગ નામશેષ છે. એટલે ક્યારેક લોકનાયક જયપ્રકાશ નારાયણના નેતૃત્વના બિહાર આંદોલનના બે સમર્થ કાર્યકરો લાલુ અને નીતીશની સાથે એણે જોડાણ કરવું પડે છે.

જાતિગત સમીકરણોથી ગ્રસ્ત બિહારની રાજનીતિમાં મોદીએ ગણિત બરાબર માંડેલાં છે. બિહારની ચૂંટણી જીતવી ભાજપ માટે અનિવાર્ય છે કારણ એ પછી પશ્ચિમ બંગાળ અને ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકારો સ્થાપવાની છે. જે પાણીએ મગ ચડે એ કરવા મોદી કૃતસંકલ્પ છે. માત્ર સિદ્ધાંતોના મંજીરા વગાડવાને બદલે સામ, દામ, દંડ અને ભેદ થકી સત્તાપ્રાપ્તિને જ લક્ષ્ય બનાવાયું છે.

# લાગણીના બીજ વાવ્યા છે ભીની મોસમમાં, શક્ય છે સંબંધ ઊગી પણ નીકળે વરસાદમાં




**WhatsApp** એ આજકાલ વાતચીત તેમજ વિચારોનું આદાનપ્રધાન કરવાનું સર્વશ્રેષ્ઠ માધ્યમ બની ગયું છે. સુંદર મજાનો વરસાદી આહ્‌લાદક માહોલ, સાથે ગરમાગરમ ચાની ચુસ્કી અને ભજીયાં કે ગોટાની જયાફત માણતા માણતા મિત્રો સાથે વાતચીતનો એક દોર વોટ્‌સઅપ પર ચાલતો હોય છે! મિત્રોનો સાથ, સાથે સંવેદનાની વાત અને **WhatsApp Chat** ની સંગત, આ બધુંજ હવે આપણે માણીશું ગાંધીનગર સમાચારને સાથ! **WhatsApp group**નો વિસ્તાર દેશ-વિદેશમાં વસતા સગાં-વહાલાં અને મિત્રો સાથેની વાતચીતમાં વર્તાય છે અને આજથી આપણે તેમાં અન્ય એક ઉમેરો કરીને 'ગાંધીનગર સમાચાર'નો! ગાંધીનગરમાં વરસાદી માહોલ કંઈક એવો જામ્યો છે કે ચારેબાજુ હરિયાળી ચાદર પથરાઇ ગઈ છે! કવયિત્રી નંદિતા ઠાકોરની આ વાત મને વરસાદમાં ખૂબ વહાલી લાગે કે,

''મને ચોમાસું થવાનાં કોડ
હજુ મને ચોમાસું થવાના કોડ
નસનસમાં ઈન્દ્રધનુ કેરો તરંગ
અને અંગમાં ગુલાબી મરોડ''

મિત્રો, ઓગસ્ટ મહિનાનો પ્રથમ રવિવાર એટલે 'ફ્રેન્ડશીપ ડે!' અને આ દોસ્તીનો તંતુ બંધાઈ શકે છે માનવ અને કુદરત વચ્ચે પણ! અને માટે જ આજનો **WhatsApp of the week** પણ ચોમાસાની ભીનાશ લઈને આવ્યો છે :

''લાગણીના બીજ વાવ્યા છે ભીની મોસમમાં
શક્ય છે સંબંધ ઊગી પણ નીકળે વરસાદમાં''

ગાંધીનગરને જયારે આપણે એક સંવેદનશીલ નગર બનાવવા તરફ વધુ એક પ્રયાણ આદરી રહ્યા છીએ ત્યારે શરુઆત કરવા માટે ચોમાસાથી વધુ સારી ઋતુ કઈ હોઈ શકે? એવો એકાદ પણ સંવેદનશીલ સંબંધ આપણા હૈયારુપી માટીમાં મ્હોરી ઊઠે, વિકસી ઊઠે કે જેથી આપણો આ જીવનરુપી બાગ ખીલી ઊઠે તો આપણો આ પ્રયત્ન સાર્થક નીવડે! રોજની દોડધામ ભરી જિંદગી અને યંત્રવત્‌ વીતી રહેલા જીવનમાં એકાદ નવા સંબંધને આ ચોમાસામાં વાવીને જુઓ! બાળસહજ કુતૂહલતાથી જતનપૂર્વક એને પોતાનામાં પાંગરી રહેતો અનુભવો અને પછી જુઓ એની ચમત્કારિક અસર કેવી કલામ કરી દે છે! તમારા નિરસ જીવનમાં એક નવો ચાર્મ લાવી દે છે!

જો કે, નવો સંબંધ ન વાવી શકો તેમ હો તો જૂના સંબંધનો છોડ કે જે માવજતના અભાવે થોડો મૂર્ઝાઇ ગયો છે તેમાં પણ નવજીવન ચોક્કસ લાવી શકાય! એકવાર અંતરમનમાં ડોકિયુ કરીને વિચારી જુઓ કે સમયના અભાવે કોઈ સુંદર સંબંધ તમારાથી થોડો દૂર જતો રહ્યો છે? અને ચોમાસાના આ મસ્ત મતવાલા માહોલમાં એ સંબંધ પર તાજા-તાજા વરસાદી અમીછાંટણાનો છંટકાવ કરો અને જુઓ એ મૂરઝાઇ ગયેલો સંબંધ છોડ ફરીથી મહેકવા લાગશે! અને **WhatsApp**નો સાથ તો છે જ તો પછી રાહ શેની જોવી? મોબાઈલ હાથમાં લઈને મોકલી આપો એક મેસેજ!

આપને મારો આ આર્ટીકલ કેવો લાગ્યો એ મને જણાવશો તો આપણી વચ્ચે પણ એક નવો સંબંધ વાવી શકીશું! તો ચોક્કસ મને આપનું **Feedback** મારા ઈમેલ એડ્રેસ પર કે ગાંધીનગર સમાચારના ઈમેલ એડ્રેસ પર મોકલી આપો! આપનું આવનારું સપ્તાહ વધુ જીવંત અને સંવેદનશીલ બને એ જ શુભકામનાઓ!

મુક્ત ફલકમાં મારી નાનીશી પોતીકી એવી આ **WhatsApp** ની દુનિયા
દોડતી અટકતી... સ્નેહભીજાવતી આ દુનિયા
અતરંગી... સતરંગી **actuals** ની આ **virtual** દુનિયા...
સ્પર્શ ખૂટ્યો છે જેમાં - ખાલી મનનો ભાર ઊચકતી આ દુનિયા
થોડો ગુંદર - બે માણસ ચોટાડી જોઉં, ફરી **virtual** ને **actuals** બનાવી જોઉં
જોવી છે કેવી બને છે પોતાની જ પોતે **Selfie** આ દુનિયા...

**- (અદ્વૈતા એ. બુચ)**

**- nehalgadhavi101@gmail.com**

# ...પણ હું તો છેતરાઇને પણ કેવો હરખાઉં છું!




આ કપૂરકાયા સરી જશે
કોઈ ઝીલો જી,
પેલા ઊડી ચાલ્યા ધૂપ હો
કોઈ ઝીલો જી,

**- બાલ મુકુન્દ દવે**

આજકાલ એક ટ્રેન્ડ ચાલી રહ્યો છે **'Selfi'** લેવાનો. આત્મસંતોષ અને ગૌરવ થાય છે આપણી પોતાની જાત માટે - સારા દેખાવ માટે અને સુંદર વસ્ત્ર પરિધાન માટે. આનંદ-આનંદ થઈ જાય છે મનમાં



અને તેથી જ એ આનંદ વહેંચીએ છીએ **'Selfi'** લઈને **'Friends Group'** માં... પલકવારમાં પહોંચી જઈએ છીએ કયાંથી કયાં...? અને કંઈ કેટલાએ **likes** અને **'Coments'**. એટલે મને વિચાર આવ્યો. 'મનની **Selfi** લઈ શકતા હોત તો કેવું? આપણે કોઈને મનની **Selfi Post** કરી શક્યા હોત? આપણું મન આપણા વશમાં નથી. ભીંતરમાં રહેલું મન કે ચેતન કે પ્રાણશક્તિ કે ઉર્જા - ગમે તે નામ આપો પણ એમાં કેટલાયે નીતનવા તરંગો આવ્યા જ કરે છે! સારા-નરસા વિચારોનું દ્વંદ્વ મનમાં ચાલ્યા જ કરે છે. કોઈના માટે અતિશય પ્રેમ તો કોઈના માટે અતિશય ધૃણા / ચીડ / અણગમો / ઈર્ષા - અને આવી કેટલીય નકારાત્મક ભાવનાઓ આપણા મનમાં અવિરતપણે ચાલતી જ રહે છે. આપણે ઉપર ઉપરથી તો ચહેરો હસતો અને આનંદથી ખીલેલો રાખીએ છીએ પણ મનમાં શું ચાલી રહ્યુ છે તેનો સાચો અંદાજ કોઈને આવી શકતો નથી. બનાવટી ભાવો ચહેરા પર લાવીને આપણે સામેવાળાને તો છેતરીએ જ છીએ પણ તેથી વધારે આપણને પોતાને જ છેતરીએ છીએ. જયારે આપણા હૃદયને ફંફોસીએ કે એમાં એવું શું છે કે જે વિભાજન કરે છે - ગેરસમજણ / ઈર્ષા કે અદેખાઈ? અને પછી આપણી જાત સાથે પ્રામાણિક થઈ મુખોમુખ ઉભા રહીએ ત્યારે પ્રગટશે સાચી **Selfi** - અને ત્યારે સમજાશે કે આપણે થોડાક ભીંતરથી પણ બદલાવાની જરુર છે. પોતાનાં જ થોડાંક વલણ અને દૃષ્ટિબિંદુ બદલવાની જરુર છે - પછી જ ચહેરો અને હૃદય એકરૂપતા અનુભવશે. ચહેરાની સુંદરતામાં પણ વધારે નિખાર આવશે જયારે હૃદયના ભાવ પણ નિષ્પાપ અને સરળ હશે.

પણ મોટેભાગે એમ બનતું નથી. આપણે મનને સાંભળતા નથી. એને કંઈ બોલવા દેતા નથી. મનની કોઈ પણ દલીલને અનુસરતા નથી. પણ સગવડીયો રસ્તો સ્વીકારી, આમતેમ જોયા વિના ચાલ્યા કરીએ છીએ અને રાજી થઈએ છીએ. કેમ કે સૌથી વધારે પ્રેમ કરીએ છીએ આપણી જાતને.

આપણા રવિન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં,

"દર્પણમાં જોઉં છું. એ
મારું પ્રતિબિંબ છે,
હું નથી :
પણ હું તો છેતરાઈને પણ
કેવો
હરખાઉં છું!''

# બંધારણની કલમ ૨૩૯ મુજબ દિલ્હી સરકારને મળેલ અધિકારો

## (દિલ્હીમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચેની લડાઈની કાનૂની હક્કિત)




બંધારણની કલમ ૨૩૯ માં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે દરેક કેન્દ્ર સાશીત પ્રદેશ રાષ્ટ્રપતિ દ્વારા ચલાવવામાં આવે છે અને આ વહીવટ એક વહીવટદાર દ્વારા ચલાવવામાં આવશે જેને લેફટર્નર ગર્વનર તરીકે ઓળખવામાં આવે છે. દિલ્હી રાજય સરકાર અને લેફટર્નર ગર્વનરના નિર્ણયોથી તાજેતરમાં રાજકિય ભૂકંપ આવેલ છે જે આમ આદમી માટે ચર્ચનો વિષય છે કે આખરે દિલ્હીમાં સરકાર કોની? બંધારણના સુધારા દ્વારા એવો પ્રબંધ કરવામાં આવ્યો છે કે રાજય સરકાર લેફટર્નર ગર્વનરને વહીવટમાં મદદ કરશે તેમજ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ મુજબ જે રાજયના વિષયો છે તે અંગે દિલ્હીના પ્રધાન મંડળની સલાહ માનવા લેફટર્નર ગર્વનર બંધાયેલ છે પરંતુ ઉપરોકત બાબતો સ્પષ્ટ રીતે હાલમાં બાદ કરવામાં આવી રહી છે જેમ કે કાયદો વ્યવસ્થા, પોલીસ અને જમીન અંગેની સત્તાઓ રાજય સરકારને આપવામાં આવી નથી અને તેમાંય ખાસ કરીને જે નિમણુંકોની સત્તા રાજય સરકાર પાસે નથી. નિમણૂંકો પ્રધામંડળ કરી શકે નહિ આ બાબત સૌથી વધારે વિવાદસ્પદ બને છે. જે નિમણૂંક રાજય સરકાર કરે છે તે લેફટર્નર ગર્વનરે રદ કરેલ છે જેનાથી સત્તાપક્ષ અને લેફટર્નર ગર્વનર વચ્ચે વિવાદ પેદા થાય છે.

દિલ્હી કાઉન્સીલ ઓફ વિમેનની નિમણૂંકમાં દિલ્હી પ્રધાનમંડળની સલાહ માનવા લેફટર્નર ગર્વનર બંધાયેલા છે પરંતુ આવી નિમણૂંક સીધે સીધી લેફટર્નર ગર્વનરની મંજુરી વગર કરવામાં આવે તો તે ગેરકાયદેસરની છે પરંતુ દિલ્હીમાં કોઈપણ સનદી અધિકારીની નિમણૂંક કરવી હોય તો સનદી અધિકારીઓ કેન્દ્ર સરકાર દ્વારા નિમાયેલા હોય અને પછી જે તે સેવામાં મુકાય તો તેની નિમણૂંક કાયદેસરની નિમણૂંક ગયા છે. નિમણૂંક કરવાની સત્તા દિલ્હીના પ્રધાનમંડળને નથી હાલમાં દિલ્હી રાજયની અને કેન્દ્રની બન્ને સત્તા અલગ અલગ પક્ષો દ્વારા ચલાવાતી હોય બંધારણીય હક્ક, અધિકાર લેફટર્નર ગર્વનર પોતાની રીતે કેન્દ્ર સરકારના સીધા માર્ગદર્શન નીચે ભોગવે એ સ્વાભાવિક છે જેમાં સનદી અધિકારીઓની રાજય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે સેન્ડવીચ જેવી હાલત થઈ છે.

બંધાણના પરિશિષ્ટ-૭ માં ત્રણ યાદી મુકવામાં આવેલ છે પહેલી યાદીમાં કેન્દ્રને સત્તા આપી છે, બીજી યાદીથી રાજયને સત્તા આપી છે અને ત્રીજી યાદીમાં રાજય અને કેન્દ્ર સરકાર બન્ને મળીને કાયદો કરતા હોય છે પરંતુ બન્ને વચ્ચેના વિવાદમાં આખરી નિર્ણય કેન્દ્ર સરકારનો હોય છે જેનો લાભ હાલની કેન્દ્ર સરકાર ઉઠાવે તે સ્વાભાવિક છે.

દિલ્હી એ કેન્દ્ર સાશીત પ્રદેશ છે અને ૧૯૯૧ માં બંધારણના ૬૯ મો સુધારો કરી અનુચ્છેદ ઉમેરવામાં આવેલ જેમાં અનુચ્છેદ ૨૩૯(એ)(એ) ઉમેરો કરવામાં આવેલ અને તેના દ્વારા કેન્દ્ર સાશીત પ્રદેશ કરતા દિલ્હીને માટે વિશેષ પ્રબંધો કરવામાં આવ્યા અને જેના પરીણામે જે કાયદો છે તે અંગે નિયમો અને કાયદો ઘડવાની સત્તા આપવામાં આવી અને પોતાની ધારાસભા આપવામાં આવી. ૧૯૯૧ પહેલા દિલ્હીને પોતાની વિધનસભા જ ન હોતી જે વિલ્કપો અંગે કાયદો કરવાની સત્તા દિલ્હી પાસે નથી. આજે પણ ભારતમાં કેટલાય કેન્દ્ર સાશીત પ્રદેશો છે જેમની પોતાની વિધાનસભા નથી.

દિલ્હીને સંપૂર્ણ રાજયનો દરજ્જો બંધારણના સુધારાથી મળેલ નથી. જરૂરી વ્યવસ્થા પોલીસ, કાયદો, જમીન અંગેના કાયદાઓ ઘડવાની સત્તા દિલ્હીની કેન્દ્ર સરકારને છે જે સત્તા રાજય મંત્રી મંડળને નથી. રાજયને પોતાની કોઈ આવક નથી. રાજય સરકાર ગર્વનરની જાણ, સમંતિ સીવાયના વહીવટી હુકમો બહાર પાડી શકે નહિ. પરસ્પરની સમજુતિથી શકય બને જે અત્યાર સુધી રાજય અને કેન્દ્ર સરકાર બન્નેની એક જ સરકાર હતી જેથી સુમેળભર્યું વાતાવરણ રહેતું જે હવે શકય નથી. આવા વાદ વિવાદ ચાલવાના અને છાશવારે રાજય સરકારે સુપ્રિમનું માર્ગદર્શન માંગવું જ રહ્યું. સુપ્રિમ પણ બંધારણની કલમ ૨૩૯(એ)(એ)ના સુધારાના સુધારાના નિયમોની મર્યાદામાં ચુકાદા આપશે જે રાજય સરકારને પ્રતિકુળ નહિ લાગશે તેથી રાજય સરકારની દરેક નિમણૂંકમાં પીછેહઠ જોવા મળે છે. સુપ્રિમ કોર્ટના અસંખ્ય ચુકાદામાં સ્પષ્ટ કરવામાં આવેલ છે કે બંધારણમાં મોટાભાગના કિસ્સામાં જયાં રાષ્ટપતિ શબ્દ આવે ત્યાં કેન્દ્ર સરકાર સમજવું આવી સરળ સમજુતિ કેજરીવાલ સરકારને ના હોય તે માનવું યોગ્ય નથી અને આવી તમામ તકરારમાં કેન્દ્ર સરકારનો નિર્ણય આખરી ગણાશે આવી સ્પષ્ટ સમજુતિ હોવા છતાં દિલ્હી સરકાર વારંવાર વિવાદોૌ સર્જી કેન્દ્ર સરકારને બદનામ કરી પ્રજાની લાગણી પોતાની તરફેણમાં કરવાની એકપણ તક જતી કરતી નથી. હાલમાં જે બંધારણની જોગવાઈને અનુકુળ રાજય કરવાના સોગંદ લીધા છે તેની વિરૂધ્ધ જ સરકાર નિર્ણય લઈ રહી છે જે કાયદાકીય તથા બંધારણના જાણકારો સારી રીતે જાણ છે. ખુદ રાજય સરકાર પણ સભાન હોય છતાં અજ્ઞાન હોવાનો ડોળ કરી વિવાદો સર્જી રાજકીય દાવપેચ અજમાવી પ્રજાને ભ્રમીત કરે છે. દિલ્હીને સંપૂર્ણ રાજયનો દરજ્જો મળવો જોઈએ કે કેમ? આ ચર્ચાનો પ્રશ્ન છે. પ્રજામતનો પ્રશ્ન છે જે રાજકીય વર્ચસ્વ ધરાવતી બહુમતી સરકાર કયારેય લાવશે નહિ. દિલ્હીના લેફટર્નર ગર્વનર પોતાની સત્તા વિશે સભાન છે અને સમય આવે બરોબર ઉપયોગ કરી જાણે છે.